॥ सुयं मे आउसं ॥

# શ્રુતદીપ

વર્ષ : ૧ અંક : ૧ જૂન ૨૦૧૭



**શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશન**
જિનશાસનની શ્રુતપરંપરાને વરેલી સંસ્થા

**વિશ્વસ્ત મંડલ**

ભરતભાઈ જે. શાહ
કિરીટભાઈ એસ. શેઠ
ડૉ.જિતેન્દ્ર બી. શાહ
રાજેંદ્ર એમ. બાંઠિયા
ઉમંગભાઈ વી. શાહ
મનોજભાઈ એમ. શાહ
અભયભાઈ બી. શાહ

**સંચાલન સમિતિ**

રમેશભાઈ ઓસવાલ
નીલેશભાઈ બી. શહા
લલિત એસ. ગુંદેચા
રતનજી મેડતિયા
સુધીરભાઈ કાપડિયા
યોગેશભાઈ શાહ
ઓમજી ઓસવાલ
પરેશ કાપડિયા
જયેશ કામદાર
કુશલ મહેતા
સચિન શાહ
મિતુલ ધનેશા
પ્રકાશ શાહ



## શ્રુતભવન સંશોધન કેંદ્ર - સંકલ્પના અને ભૂમિકા

શ્રુતભવન સંશોધન કેંદ્ર કેવળ એક મકાન અથવા એક સંસ્થા નથી, પણ સંકલ્પના છે. આ સંકલ્પનાને સમજતા પહેલા તેની ભૂમિકા સમજવી જરૂરી છે. શ્રુતભવન વિશે સમજતાં પહેલાં ‘શાસ્ત્ર’ શું છે? તે સમજવું જરૂરી છે. અને શાસ્ત્ર સમજતા પહેલાં ધર્મ શું છે ? તે સમજવું જરૂરી છે.

‘ધર્મ’ એટલે શું? એ વિષે આપણા સહુના મનમાં અલગ અલગ વિચારો છે. ધર્મ શબ્દના ૨૦૦ અર્થ થાય છે. ધર્મની વૈશ્વિક (Global) અને સરલ વ્યાખ્યા શી હોઇ શકે?

આપણે જેવા છીએ તેનાથી વધુ સારા બનીએ તે ધર્મ. વિશ્વના તમામ ધર્મોનો સાર આ વ્યાખ્યામાં સમાઇ જાય છે. રસ્તા પર પડેલું કોઇનું વોલેટ તેના માલિકને પહોંચાડવાનું મન થવું એ ધર્મ છે. ધર્મની આ વ્યાખ્યા અનુ-સાર ગમે તેવો ખરાબ કે પતિત વ્યક્તિ સારા બનવાનો પ્રયાસ કરે તે ધર્મ કરે છે. ધર્મની આ વ્યાખ્યા સાપેક્ષ છે.

આજે થ્રીજી મોબાઇલનો યુગ છે. તેમાં ગૂગલે એક એપ્લીકેશન મૂકી છે —ગ્લોબલ પોઝિશનીંગ સિસ્ટમ (GPS). તમે ક્યાંક ઊભા છો? તમારે જ્યાં જવું છે ત્યાં કેવી રીતે પહોંચવું ? તેની તમને ખબર નથી. તમને ઇચ્છિત જગ્યાએ પહોંચાડવાનો રસ્તો GPS બતાવે છે. આપણે રસ્તો જોઇ શકતા નથી. ઉપગ્રહ એ રસ્તો જોઇને આપણને બતાવે છે. સારપના સર્વોચ્ચ શિખર પર પહોંચવાનો રસ્તો આપણે જાણતા નથી. પ્રબુદ્ધ પૂર્વ-પુરુષોએ તે રસ્તાનો નકશો બનાવી આપણી સમક્ષ મૂક્યો છે. તેનું નામ ‘શાસ્ત્ર’. જીવનમાં સારા થવું હોય તો શાસ્ત્ર જરૂરી છે. જીવનનાં દરેક ક્ષેત્રમાં શાસ્ત્રનું મહત્તમ પ્રદાન છે.




આપણા શાસ્ત્રોમાં કેવાં સત્યો છે તે સમજવા એક ઉદાહરણ કાફી છે. પાણી વાયુમાંથી પેદા થાય છે. આ વાત ૨૦૦ વરસ પહેલા વિજ્ઞાને શોધી. જૈન આગમ સૂત્રકૃતાંગમાં આ વાત ૨૫૦૦ વરસ પહેલાં લખી છે. આ સૂત્રો પર સંશોધન થાય રિસર્ચ (Research) થાય તો ઘણું બધું નવું જ્ઞાન મળી શકે.

શ્રુતભવન સંશોધન કેંદ્રમાં સંશોધન શબ્દનો અર્થ આ છે— જે નથી મળતું તેને બહાર કાઢવું/શોધવું. આ માટેના સૂત્રો, થિયરી, કડીઓ મેળવવી. આ પ્રકારનું સંશોધન કરવા ’શાસ્ત્ર’ જોઇએ. શાસ્ત્રમાં શું લખ્યું છે? તે સમજવું જોઇએ. તેમાં લખેલા સાધારણ અર્થ પાછળ ક્યો અર્થ છૂપાયેલો છે? તે શોધવું જોઇએ. . ઘણી વાર અર્થહીન જણાતા શબ્દમાં ઘણો મોટો અર્થ હોઇ શકે છે.

ઉદાહરણ તરીકે - કલ્પસૂત્રમાં **ते णं काले णं** શબ્દ વારંવાર આવે છે. તેમાં णं શબ્દનો કોઇ અર્થ નથી. તો તે શું કામ મૂક્યો છે? તેનું શબ્દ તરીકે સ્થાન નથી તો આકૃતિ તરીકે છે? તેમાં કોઇ સંકેત છે? આ



તા.૬-૧૧-૨૦૧૬ રવિવાર ના દિવસે શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર ના આ.શ્રી રાકેશભાઈ ઝવેરી શ્રુતભવન સંશોધન કેન્દ્રમાં પધાર્યા અને 'આત્મશુદ્ધિપ્રકાશ' ગ્રંથનું વિમોચન કર્યું. પૂજ્ય ગુરુદેવ ગણિવર્ય શ્રી વૈરાગ્યરતિવિજયજી મ.સા.ની સાથે ધ્યાનના વિષયમાં વાર્તાલાપ કર્યો. 'શ્રુતભવનનું વર્તમાન કાર્ય શ્રુતભક્તિનું સૌથી ઉત્તમ કાર્ય છે આનો થઇ સકે તેટલો પ્રચાર કરવો જોઇએ' આવી શુભેચ્છા પાઠવી.



પરમ શાસન પ્રભાવક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય મુનિચંદ્રસૂરીશ્વરજી મ.સા. ની નિશ્રામાં શ્રી ગોવાલિયા ટૅંક જૈન સંઘ, મુંબઈમાં દિ.૨૯-૨-૨૦૧૬ ના દિવસે 'કલ્પવિશેષચૂર્ણિ ભાગ-૧,૨,૩' પુસ્તકનું વિમોચન થયું. તેમાં શ્રુતભવનના ટ્રસ્ટીઓ તથા કાર્યકર્તાઓ અને પંડિતો પણ ઉપસ્થિત રહ્યા હતા.

વિષે ઘણો વિચાર કર્યો. તેને આડો અવળો ઊભો ગોળગોળ કરી વિચારી જોયું કોઇ કલૂ મળતી નથી.

આપણી પાસે આટલી બધી પ્રતો છે. ક્યાંક કોઇક સૂત્ર છૂપાયું છે. શાસ્ત્રોમાં વચ્ચે કંઇ કેટલા સૂત્રો છૂપાયેલા છે. બહારથી વાંચો તો કોઇ જૂદું હોય. અંદર બીજું શાસ્ત્ર લખેલું હોય. તેને શોધવા દરેક પ્રત જોવી પડે. રિસર્ચ કરવા 'સર્ચ' કરવી પડે. શ્રુતભવનનું કાર્યક્ષેત્ર આ છે. રિસર્ચ માટે સર્ચ.

અક્ષરોનું સર્ચ કરવા લિપિનું જ્ઞાન જોઇએ. આપણી પાસે જે વિજ્ઞાન છે તે આઉટ ઓફ ડેટ નથી. શાસ્ત્રો આઉટ ઓફ ડેટ નથી, સંસ્કૃત ભાષા આઉટ ઓફ ડેટ નથી, પણ ઘણી એડવાંસ છે. ગમે તે કારણસર તે ગુપ્ત છે. તેને સમજવાના એપ્રોચથી જોવામાં આવે તો ઘણું કામ થઇ શકે.

શાસ્ત્રો સમાજ ઉપયોગી નથી તે વાત પણ ભ્રમણા છે. શાસ્ત્ર ભૌતિક તત્ત્વ કરતા આ બધાનું સંચાલક બળ જે ચેતન તત્ત્વ છે તે વિષે પ્રકાશ પાથરે છે. વિજ્ઞાનને હજી આ લેવલ સુધી આવતા વાર લાગશે.

સાર એ કે - સામાજિક, નૈતિક, ભૌતિક કે આધ્યાત્મિક વિકાસ સાધવો હોય તો તેનું મૂળ આપણા શાસ્ત્રોમાં ઉપલબ્ધ છે. માટે જ શ્રુતભવને આ મૂળને મજબૂત કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

શ્રુતભવન લક્ષ્ય રાખે છે કે - ભારતની જૂની કોઇ પણ લિપિમાં લખાયેલું ડોક્યુમેંટ રીડ કરી શકે તેવી ક્ષમતા એ કેળવશે. ભારતમાં પ્રાચીન લિપિઓ લગભગ ૪૨ થી ૫૦ છે તે બધી જ ઉકેલી શકાય તેવા વિદ્વાનો તૈયાર કરશે. શ્રુતભવન હસ્તપ્રતોમાં સચવાયેલાં શ્રુતજ્ઞાનની નિષ્પક્ષ ભાવે સુરક્ષા, સંશોધન અને સંવર્ધન કરવાનું લક્ષ્ય રાખે છે. આ લક્ષ્યને સાકાર કરવા આપ સહુના વિચાર, સહકાર અને માર્ગ-દર્શનની અપેક્ષા છે.


## આ.શ્રી ભાવપ્રભસૂરિજી રચિત અષ્ટાહ્નિકા ધુરાખ્યાન

અષ્ટાહ્નિકાધુરાખ્યાન આ કૃતિ પર્યુષણા અષ્ટાહ્નિકા વ્યાખ્યાનનાં નામે પણ પ્રચલિત છે. તે અપ્રગટ છે. તેમ જ તેનું વિષયનિરૂપણ પણ ભિન્ન છે. આ કૃતિના કર્તા આચાર્ય શ્રી ભાવપ્રભસૂરિજી છે.

પર્યુષણપર્વમાં છેલ્લાં પાંચ દિવસ કલ્પસૂત્રનું વાંચન કરવામાં આવે છે. પહેલા ત્રણ દિવસમાં પર્યુષણનાં કર્તવ્યનું વ્યાખ્યાન થાય છે. તેને લગતી અનેક કૃતિઓ પ્રચલિત છે. અલગ અલગ ગચ્છમાં અગલ અગલ કર્તાઓનાં વ્યાખ્યાન વંચાય છે. જેમ કે તપાગચ્છમાં લક્ષ્મીસૂરિમ.ના વ્યાખ્યાન વંચાય છે. ખરતરગચ્છમાં ઉપાધ્યાય શ્રીક્ષમાકલ્યાણજીમ.ના વ્યાખ્યાન વંચાય છે. દરેકમાં અલગ અલગ રીતે વિષયની પ્રસ્તુતિ કરવામાં આવી છે. આ.શ્રી ભાવપ્રભસૂરિજીના વ્યાખ્યાનમાં આઠ દિવસોમાં પ્રભુભક્તિરૂપે કરવા યોગ્ય ભક્તિનો ઉપદેશ આપવામાં આવ્યો છે. જે તેની વિશેષતા છે. તદુપરાંત આરંભત્યાગ, નિંદાત્યાગ, વિકથાત્યાગ, પૂ. સાધુ-સાધ્વીજીમ.ની ભક્તિનો ઉપદેશ આપવામાં આવ્યો છે. ગુરુભક્તિ માટે અંગર્ષિનું ઉદાહરણ આપવામાં આવ્યું છે.

પર્યુષણપર્વના પહેલા દિવસે જિનની આગળ અતિ તેજસ્વી મંગલ દીપ કરવો જોઇએ. બીજા દિવસે જિનની આગળ બે ઘંટ વગાડવા જોઇએ અને બે ચામર વીંજવા જોઇએ. ત્રીજા દિવસે જિનની ત્રણ છત્રની શોભા અને ત્રણવાર પુષ્પાંજલિ કરે છે. ચોથા દિવસે જિનની આગળ ચતુર્વિધ સંઘ સાથે સ્તવન ગાય છે. અથવા ચતુર્વિધ સંઘના અધિકારવાળું (જેમાં ચતુર્વિધ સંઘની સ્તુતિ વર્ણન હોય) સ્તવન ગાય છે. પાંચમા દિવસે જિનની આગળ પાંચ શબ્દના વાજિંત્રની પૂજા કરવી જોઇએ. છટ્ઠા દિવસે છ પદ(સ્વર)ના ગીતના ધ્વનિવાળી અને છ ઋતુમાં ઉત્પન્ન થયેલા પુષ્પદ્વારા જિનની પૂજા કરવી. સાતમા દિવસે જિનની આગળ સાત સ્વરથી ભાવિત સ્તવન ગાય. આઠમા દિવસે જિનની આગળ આઠ મંગલ દીપ કરવા જોઇએ. આ રીતે આ કૃતિ અપ્રગટ અને અનોખા પદાર્થોને પ્રસ્તુત કરે છે.

પરમ પૂજ્ય સાધ્વીજી શ્રીહર્ષરેખાશ્રીજીમ.ના શિષ્યા સાધ્વીજી શ્રીજિનરત્નાશ્રીજી મ., સા. શ્રી મધુરહંસાશ્રીજી મ., સા. શ્રી ધન્યહંસાશ્રીજી મ.એ આ ગ્રંથનું સાદ્યંત લિપ્યંતર તેમ જ અનુવાદ આદિ કર્યું છે.



* તા.૨૧-૧૦-૨૦૧૬ શુક્રવાર ના દિવસે પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી અભયદેવસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા શ્રુતભવનમાં પધાર્યા વર્તમાન શાસ્ત્ર સંશોધન અને પ્રકલ્પોની જાણકારી લીધી. તેમણે લખ્યું -

આજે કાત્રજ શ્રુતભવન આવવાનું થયું. ખાસ જ્ઞાનભંડારોની વ્યવસ્થા જોવાની ઇચ્છા હતી. પૂર્ણ રીતે જીવન સમર્પિત થઇ અત્રે સ્થિરતા કરી રહેલા શ્રી વૈરાગ્યરતિ વિ.મ.નો જ્ઞાનોપાસનાનો સતત શ્રમ ખૂબ જ અનુમોદનીય લાગ્યો. સમૃદ્ધ સાહિત્યને દીર્ઘકાલીન જાળવણી માટેનો પ્રયત્ન સુંદર છે. બધી જ રીતે સહયોગ આપવા યોગ્ય છે.

* ડૉ. વશિષ્ઠજી ઝા તેમજ ડૉ.ઉજ્જ્વલા ઝા પુણે યુનિવર્સિટીમાં ન્યાય અને દર્શન વિભાગમાં કાર્યરત છે. તેઓ નવ્યન્યાયના ઉચ્ચ કોટિના વિદ્વાન છે.

૮-૧-૨૦૧૭ ના દિવસે તેમનો લેંગ્વેજ ફોર ફિલોસોફી આ વિષય પર પરિસંવાદ યોજાયો હતો. તેમાં તેમણે સંસ્કૃત ભાષાની મહત્તા, ઉપયોગિતા અને પ્રસ્તુતતા વિષે પ્રકાશ પાથર્યો. આ પરિસંવાદ લગભગ આખું વરસ ચાલુ રહેશે.





* પીટર ફ્લુગલ લંડન યુનિવર્સિટીનાં સાઉથ એશિયન ઓરિએન્ટલ સ્ટડીજ (SOAS) અંતર્ગત જૈન વિભાગના વડા છે. તેઓ જૈન મહારાજ સાહેબોનો જીવનકોશ બનાવી રહ્યા છે. તે સંદર્ભમાં તેમને શ્રુતભવનની ગતિવિધિઓ જણાવવા શ્રુતભવનના ભરત શાહ, મનોજ શાહ, રાજેન્દ્ર બાંઠીયા તેમજ ઓમજી ઓસવાલ ફિરોદીયા હોસ્ટેલ, પુણેમાં મળ્યા હતા.

* શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશનના વિશ્વસ્ત શ્રી જિતેન્દ્રભાઈ બી. શાહ ને (વર્તમાન નિર્દેશક, લા. દ. સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ) **'ગુજરાત ગૌરવ'**ની પદવી પ્રાપ્ત થઇ તે સમસ્ત જૈન સમાજ માટે અભિમાન લેવા જેવી ઘટના છે. તેમણે જ્ઞાન, ગંભીરતા અને દૂરંદેશિતા દ્વારા જિનશાસનનાં નામને મૂઠી ઉંચેરું બનાવ્યું છે.




* તા. ૪-૧-૨૦૧૭ બુધવાર ના દિવસે પૂજ્ય આચાર્યદેવ શ્રી રત્નસેનસૂરીશ્વરજી મ.સા. શ્રુતભવનમાં પધાર્યા. પૂજ્યશ્રીએ ૨૦૦ થી વધારે હિંદી પુસ્તકોનું સર્જન કર્યું છે. અહીંની પ્રવૃત્તિ જોઇને એમણે કહ્યું - **જેમ કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રસૂ.મ.સા.એ પાટણ રહીને વ્યાકરણ-સાહિત્ય-કોશ જેવા ગ્રંથોનું નવસર્જન કર્યું હતું તે રીતે અહીં પ્રાચીન ગ્રંથોના જીર્ણોદ્ધારનું કામ ચાલી રહ્યું છે.** આ કામને પૂજ્ય ગુરુદેવશ્રીએ બહુ આશીર્વાદ આપ્યા છે.

## શ્રુતભવન સંશોધન કેન્દ્ર મે-જૂન મહિનાનું કાર્યવિવરણ

### શાસ્ત્ર સંશોધન વિભાગ - વર્તમાન પ્રકલ્પ

**લોકપ્રકાશ** - પૂ.મુ.વૈરાગ્યરતિવિજય ગણિ

**અઢાર પાપસ્થાનક સજ્ઝાય સંગ્રહ** - પૂ.સા.શ્રી મધુરહંસાશ્રીજી

**પૃથ્વીચંદ્ર ચરિત** - પૂ.સા.શ્રી ધન્યહંસાશ્રીજી

**ઉત્તરાધ્યયનચૂર્ણિ** - શ્રી રૂપેન્દ્રકુમાર પગારિયા

**નવ્યન્યાયભાષાપ્રદીપ** - ડૉ.ઉજ્જ્વલા ઝા

**કારક પ્રકરણ** - ડૉ.વિનયા ક્ષીરસાગર, અતુલ મસ્કે

**શ્રેયાંસજિનચરિત** - અમિત ઉપાધ્યે, **ત્રિષષ્ટિસ્મૃતિ** - કૃષ્ણા માળી

**ષડ્દ્રવ્ય ષટ્ત્રિંશિકા** - દિનેશ ઉદાગે, **ક્રિયાકલાપ** - ગણેશ ખેડકર,

**કવિરહસ્ય** - મંજુનાથ ભટ, **કારકલક્ષણ** - વિનય ગાયકવાડ

### વર્ધમાન જિનરત્નકોશ વિભાગ

**એંટ્રી - (ચેકીંગ) ૨૩૬૨૭, સ્કેન હસ્તપ્રત એંટ્રી - ૩૨૭૪**

**સ્કેન હસ્તપ્રત સૂચિપત્ર નિર્માણ** - શ્રુતના અનુરાગી અનેક પૂજ્ય ગુરુભગવંતોની પાવન પ્રેરણાથી અને વિવિધ સંઘોના ટ્રસ્ટીઓની સહાયથી સ્કેનિંગ પ્રકલ્પ અંતર્ગત ૩ હસ્તપ્રત ભંડારોની કુલ ૩૩૦૦ હસ્તપ્રતોનું સ્કેનિંગ કર્યું. તેમ જ તેનું ૧૨ ફિલ્ડ વાળું પ્રાથમિક સૂચિપત્ર બનાવી તે તે સંઘોને સમર્પિત કર્યું. આ સૂચિપત્રમાં કૃતિ, કર્તા, ભાષા, લેખન સંવત્, વિષયાનુસાર વર્ગીકરણ પણ કરવામાં આવ્યું છે.

આ પૂર્વે ૧૧ ભંડારોની ૧૮૦૦૦ હસ્તપ્રતોનાં સૂચિપત્રો બની ગયા છે.

પૂ.આ.શ્રી મુનિચંદ્રસૂરિજી મ.સા.ને આવશ્યકનિર્યુક્તિ ટબાર્થની હસ્તપ્રત વિષયક માહિતી આપી.

### આગામી પ્રકાશન

અર્ધમાગધી વ્યાકરણ, મંડલવિચાર, લક્ષણસંગ્રહ, ધર્મબિંદુ ટીકા, અષ્ટાહ્નિકા ધૂરાખ્યાન.

### હાલમાં સંસ્થા દ્વારા પ્રકાશિત ગ્રંથો

કપ્પસુત્તં-૧,૨,૩, બુદ્ધિસાગર, નયામૃતમ્-૨, સ્તોત્રસંગ્રહ, શ્રુતદીપ-૧, શ્રુતસાગરના તીરે, સમુદ્રવહાણ સંવાદ

*I was very pleased to visit today Shrutbhavan and to establish contact will the wonderful staff working and this institution. I am hugely impressed by the magnitude if the mission and the spirit of liberality concerning the dissemination of knowledge. Thank You.*

- **Dragomir Dimitrov** (University of Marburg, Germany)

### સમાચાર

પૂજ્ય મુનિપ્રવર શ્રી સંવેગરતિવિજયજી મ.સા., પૂ.મુ.શ્રી વૈરાગ્યરતિવિજયજી ગણિવર નું ચાતુર્માસ શ્રુતભવન સંશોધન કેંદ્ર માં છે.

પૂજ્ય મુનિપ્રવર શ્રી પ્રશમરતિવિજયજી મ.સા.નું ચાતુર્માસ વર્ધા (નાગપુર પાસે) છે.

પૂજ્ય સા.શ્રી જિનરત્નાશ્રીજી મ.સા. આદિ નું ચાતુર્માસ દાદરા (વાપી પાસે) છે.

પરમાત્મા!
અરીસો સ્વચ્છ કર્યો તો
તેમાં 'હું' દેખાયો
'હું' ને સ્વચ્છ કર્યો તો તેમાં 'તું' દેખાયો.

- પૂ.મુ.શ્રી વૈરાગ્યરતિવિજયજી ગણિવર

કાર્યકારી તંત્રી - ગૌરવ કે. શાહ (૯૮૩૩૧૩૯૮૮૩)
સહાયક - સિદ્ધનાથ ગાયકવાડ

**Printed Matter**
**Posted under clause 121 & 114 (7) of P & T Guide**

**To,**

**From**

**Shrutbhavan Research Centre,**
47/48, Achal Farm, Nr.Sachchai Mata Mandir, Ahead of Jain Agam Temple, Katraj, Pune-411046
Mo.07744008728. Email—shrutbhavan@gmail.com, Website—www.shrutbhavan.org